# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

**************************************************

1) મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ઓપરેશન સિંદૂર' આ વર્ષે દરેક ભારતીય માટે ગૌરવનું પ્રતીક બન્યું

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કર્ણાટકના કારવાર નૌકાદળ મથક ખાતે સબમરીન પર સવારી કરી

3) કેન્દ્રીય મંત્રી ડૉ.જિતેન્દ્ર સિંહે શાંતિ ખરડાને નરેન્દ્ર મોદી સરકારના સૌથી મોટા વિજ્ઞાન સુધારાઓમાંનો એક ગણાવ્યો

4) ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારમાં ગાઢ ધુમ્મસના લીધે વિમાન અને રેલ સેવાઓ ખોરવાઈ

5) મહિલા ક્રિકેટમાં આજે ભારત અને શ્રીલંકા વચ્ચે ચોથી ટી-ટવેન્ટી મેચ

.................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આ વર્ષે ભારતે રાષ્ટ્રીય સુરક્ષાથી લઈને રમતગમત અને વિજ્ઞાન પ્રયોગશાળાઓથી લઈને વિશ્વના સૌથી મોટા મંચ સુધી દરેક જગ્યાએ એક મજબૂત છાપ છોડી છે.

આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ કહ્યુ , વર્ષ 2025 એ દરેક ભારતીયને ગર્વ કરાવવા માટે ઘણી ક્ષણો આપી છે. તેમણે કહ્યું કે 'ઓપરેશન સિંદૂર' આ વર્ષે દરેક ભારતીય માટે ગૌરવનું પ્રતીક બન્યું. તેમણે કહ્યું કે દુનિયાએ સ્પષ્ટપણે જોયું કે આજનું ભારત તેની સુરક્ષા સાથે કોઈ સમાધાન કરતું નથી. પ્રધાનમંત્રી મોદીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે ભારતે આ વર્ષે વિજ્ઞાન અને અવકાશ ક્ષેત્રે પણ મોટી છલાંગ લગાવી છે.

(BYTE -PM---SHUBHASHU-SHUKLA)

પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે વિશ્વ આજે ભારત તરફ ખૂબ આશાથી જોઈ રહ્યું છે અને યુવા શક્તિ આનું સૌથી મોટું કારણ છે

(BYTE - PM-YOUNG-LEADERS)

શ્રી મોદીએ વંદે માતરમની 150મી વર્ષગાંઠ માટે સમાન ભાવના અને ઉત્સાહ દર્શાવવા બદલ લોકોની પ્રશંસા કરી. શ્રી મોદીએ 20 ફેબ્રુઆરી સુધી યોજાનારા કચ્છના રણોત્સવ વિશે વાત કરી. સ્વદેશી પ્રત્યે લોકોના ઉત્સાહને લઈ પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

. . . . .

# PRESIDENT - EMBARKS ON SUBMARINE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે કર્ણાટકના કારવાર નૌકાદળ મથક પર સબમરીન પર સવારી કરી. નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ રાષ્ટ્રપતિ સાથે કલવરી ક્લાસ સબમરીન, INS વાઘશીર પર સવારી કરી.

રાષ્ટ્રપતિ સશસ્ત્ર દળોના સર્વોચ્ચ કમાન્ડર પણ છે. રાષ્ટ્રપતિ મુર્મુએ પહેલી વાર કલવરી ક્લાસ સબમરીન પર સવારી કરી હતી. ડો એપીજે અબ્દુલ કલામ 2006માં વિશાખાપટ્ટનમ ખાતે સબમરીન પર સવારી કરનાર પ્રથમ રાષ્ટ્રપતિ હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કારવાર પહોંચ્યા પછી , કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે તેમનું સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિ મુર્મુ ગઈકાલથી ગોવા , કર્ણાટક અને ઝારખંડની ચાર દિવસની મુલાકાતે છે.

. . . . . . . . . . . . .

# JITENDRA - SHANTI BILL

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ . જિતેન્દ્ર સિંહે શાંતિ ખરડાને નરેન્દ્ર મોદી સરકારના સૌથી મોટા વિજ્ઞાન સુધારાઓમાંનો એક ગણાવ્યો છે.

આજે નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા શ્રી સિંહે કહ્યું કે, ભારતની પરમાણુ ઉર્જા ક્ષમતા 2014 માં લગભગ 4.4 ગીગા વોટથી બમણી થઈને આજે લગભગ 8.7 ગીગા વોટ થઈ ગઈ છે.

મંત્રીએ કહ્યું કે , શાંતિ ખરડો ભારતના પરમાણુ ક્ષેત્રમાં એક ઐતિહાસિક સુધારાનું પ્રતીક છે , જે સલામતી, સાર્વભૌમત્વ અને જાહેર હિતના સમાધાનકારી ધોરણો જાળવી રાખીને શાંતિપૂર્ણ, સ્વચ્છ અને ટકાઉ ઉર્જા માટેની તેની સંભાવનાને ખુલ્લી પાડે છે.

. . . . . . .

# NTH- DRDO MoU

સંશોધન, પરીક્ષણ અને તાલીમના ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવવા માટે નેશનલ ટેસ્ટ હાઉસ (NTH) અને ડિફેન્સ મટિરિયલ્સ એન્ડ સ્ટોર્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (DMSRDE) વચ્ચે એક સમજૂતી કરાર ( MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

કરાર હેઠળ , બંને સંસ્થાઓ પરીક્ષણ અને મૂલ્યાંકન સેવાઓમાં પરસ્પર સહયોગ આપશે, આ MoUનો ઉદ્દેશ સહયોગી સંશોધન અને પરીક્ષણ પ્રવૃત્તિઓ , પ્રયોગશાળા અને સાધન સુવિધાઓની વહેંચણી , પરસ્પર હિત અને રાષ્ટ્રીય મહત્વના ક્ષેત્રોમાં સહયોગ અને વૈજ્ઞાનિક અને તકનીકી કુશળતાના આદાનપ્રદાનને સરળ બનાવવાનો છે.

. . . . . . .

# KIRTI- PARVATI ARGA BIRD SANCTUARY

સરકારે ઉત્તર પ્રદેશના પાર્વતી-અર્ગા પક્ષી અભયારણ્યને ઇકો સેન્સિટિવ ઝોન જાહેર કર્યું છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્યમંત્રી, કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું હતું કે આ પહેલ દ્વારા , સરકાર તેને એક જવાબદાર ઇકોટુરિઝમ સ્થળ તરીકે વિકસાવવા અને તેની જૈવવિવિધતાને મજબૂત બનાવવા માટે કામ કરી રહી છે.

શ્રી સિંહે ઉમેર્યું હતું કે એક હજાર 84 હેક્ટરમાં ફેલાયેલું આ અભયારણ્ય મધ્ય એશિયા અને તિબેટથી સ્થળાંતર કરનારા પક્ષીઓને આકર્ષે છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# DENSE FOG IN NORTH INDIA

ઉત્તર ભારતના મોટાભાગ ના વિસ્તાર માં આજે સવારે વિમાન અને રેલ સેવાઓ ખોરવાઈ ગઈ હતી , કારણ કે ઘણા રાજ્યોમાં ગાઢ ધુમ્મસ છવાયું હતું , જેના કારણે દૃશ્યતામાં ઘટાડો થયો હતો અને સામાન્ય અવરજવર પર અસર પડી હતી.

ભારતીય હવામાન વિભાગએ સમગ્ર પ્રદેશમાં ગાઢ ધુમ્મસ અને શીત લહેર જેવી સ્થિતિની ચેતવણી આપી છે . રેલ્વે અધિકારીઓના જણાવ્યા અનુસાર , સમગ્ર ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસને કારણે ચાર ડઝનથી વધુ ટ્રેનો સ મયપત્રક કરતાં મોડી દોડી રહી છે.

સ્પાઇસજેટ, એર ઇન્ડિયા અને ઇન્ડિગો સહિત અનેક એરલાઇન્સે મુસાફરો માટે મુસાફરી સલાહ જારી કરી હતી , જેમાં તેમને સંભવિત વિલંબ અંગે ચેતવણી આપવામાં આવી હતી. દિલ્હી એરપોર્ટ પર 10 થી વધુ ફ્લાઇટ્સ સમયપત્રક કરતાં મોડી દોડી રહી હોવાના અહેવાલ છે.

. . . . . .

# AVIATION CONTROL ROOM

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે મુસાફરોની ફરિયાદોના નિવારણ માટે નવી દિલ્હીમાં પેસેન્જર સહાય નિયંત્રણ ખંડ (PACR) કાર્યરત કર્યો છે.

એક નિવેદનમાં , ઉડ્ડયન મંત્રાલયે માહિતી આપી કે આ મહિનાના પહેલા અઠવાડિયામાં ઉડાનમાં થયેલા વિક્ષેપોના પ્રતિભાવમાં કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી હતી. મંત્રાલયે ઉમેર્યું કે PACR એ સંકલિત ફરિયાદ નિવારણ માટે એક પદ્ધતિ છે જે હવાઈ મુસાફરોને સહાય પૂરી પાડવા માટે કાર્ય કરે છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે આ મહિનાની દસમી તારીખથી એક હજાર છસોથી વધુ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# IMD

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે દિલ્હી, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તર પ્રદેશમાં ખૂબ જ ગાઢ ધુમ્મસની આગાહી કરી છે.

બિહાર, પૂર્વ મધ્ય પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં દિવસ દરમિયાન ગાઢ ધુમ્મસની સ્થિતિ રહેશે.

હવામાન વિભાગે ઓડિશા, સિક્કિમ, ઉત્તરાખંડ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને ઉત્તરપૂર્વ ભારતમાં પણ આવી જ સ્થિતિની આગાહી કરી છે. છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, પંજાબ અને રાજસ્થાનમાં શીત લહેરની સ્થિતિ રહેશે.

. . . . . . . . . . . . .

# WOMAN-CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકા વચ્ચે ચોથી ટી-ટવેન્ટી આંતરરાષ્ટ્રીય મેચ કેરળના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે.

શ્રીલંકાની ટીમે ટોસ જીતીને પ્રથમ બૉલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા મળતાં અહેવાલ મુજબ ભારતે 10 ઓવરમાં વિના વિકેટ 85 રન કર્યાં.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની મહિલા ટીમ 5 મેચની શ્રેણીમાં 3-0 સાથે પહેલાથી જ આગળ છે. શ્રેણીની પાંચમી મેચ મંગળવારે તે જ સ્થળે રમાશે.

. . . . . . . . . . . . . . . . . .

# RUSSIA- UKRAINE PEACE

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે યુક્રેન શાંતિ માટે ઉતાવળમાં નથી અને જો તે તેમના સંઘર્ષને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માંગતો નથી , તો રશિયા બળ દ્વારા તેના બધા લક્ષ્યો પ્રાપ્ત કરશે.

રશિયન રાજ્ય સમાચાર એજન્સી અનુસાર , રાષ્ટ્રપતિ પુતિને ગઈકાલે ચીફ ઓફ ધ જનરલ સ્ટાફ વેલેરી ગેરાસિમોવ અને વિવિધ યુદ્ધ જૂથોના કમાન્ડરો સાથે બેઠક યોજી હતી.

બેઠક પછી, શ્રી પુતિને કહ્યું કે રશિયન-યુક્રેનિયન સરહદ પર બફર ઝોનની સ્થાપના સારી રીતે આગળ વધી રહી છે. તેમણે ઉમેર્યું કે રશિયન દળો ડોનબાસ અને ઝાપોરોઝ્યે પ્રદેશોમાં સમગ્ર યુદ્ધ રેખા પર આગળ વધી રહ્યા છે.

. . . . . . . . . . . .

# CEC - BHUBANESWAR

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આવતીકાલે ઓડિશાના ભુવનેશ્વરમાં બૂથ લેવલ અધિકારીઓ સાથે ચૂંટણી પ્રક્રિયા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે. ઓડિશાના ખોરધા અને કટક જિલ્લાના લગભગ 800 BLO આ બેઠકમાં ભાગ લેશે.

શ્રી કુ માર તૈયારીઓની સમીક્ષા કરવા અને મતદાર સેવા વ્યવસ્થાપન સંબંધિત પડકારોનો સામનો કરવા માટે વરિષ્ઠ રાજ્ય ચૂંટણી અધિકારીઓ સાથે પણ બેઠકો કરશે . મુખ્ય ચૂંટણી કમિશનર , ગઈકાલથી ઓડિશાની ત્રણ દિવસની મુલાકાતે છે. આ મુલાકાતને ઓડિશામાં મતદાર યાદીના SIR ના ત્રીજા તબક્કાના પ્રારંભના પૂર્વગામી તરીકે જોવામાં આવી રહી છે.

. . . . . . . . . . .

# SWEDEN--WINTER-STORM.

જોહાન્સ  વાવાઝોડાને કારણે સ્વીડનમાં બે વ્યક્તિના મોત થયા છે . આ વાવાઝોડાને કારણે પરિવહન અને વીજ પુરવઠો ખોરવાયો છે . નોર્ડિક દેશોના કેટલાક વિસ્તારોમાં અનેક ઉડાનો , રેલ અને ફેરી સેવાઓ રદ કરવામાં આવી છે . સ્વીડનમાં, 40 હજાર થી વધુ ઘરો વીજળી ગુલ થવાથી પ્રભાવિત થયા હતા . નોર્વેમાં, 200થી વધુ હવામાન સંબંધિત નાની મોટી દુર્ઘટના ઘટી હતી.

. . . . . . . . . . .

# BALOCH WOMEN ARREST

બલુચિસ્તાન બાર કાઉન્સિલે મંઝૂ શોરીમાં મહિલા પ્રદર્શનકારીઓની ધરપકડની સખત ટીકા કરી છે , તેમણે પાકિસ્તાનના બંધારણ , કાયદાઓ અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણોનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

કાઉન્સિલે અટકાયત કરાયેલી મહિલાઓને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરી હતી અને સંડોવાયેલા પોલીસ અધિકારીઓના વર્તનની પારદર્શક અને નિષ્પક્ષ તપાસની હાકલ કરી હતી.

. . . . . . . . .